## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



પહેલા ખાડામાં પડતો હતો ત્યારે આટલુ વાગતું ન હતું... આ વખતે ભૂવામાં પડ્યો તેમાં...!

# કેશબેક માટે કોલ આવતા નાગરીકે ૭૦ હજાર ગુમાવ્યા

ગાંધીનગર,તા.૨૯
ટેકનોલોજીના યુગમાં ટચલી આંગળી મોબાઈલ પર ટચ કરતા જ દુનિયાભરની માહિતી ગણતરીની મિનીટોમાં મળી જાય છે. ત્યારે કેટલાક નાગરીકો પૈસાની લેવડ-દેવડ પણ ઈન્ટરનેટના માધ્યમથી ઓનલાઈન કરી રહ્યા છે. પરંતુ શહેરમાં સાયબર ક્રાઈમના કિસ્સામાં પણ રોજ બરોજ વધારો થઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. ગાંધીનગર શહેરના એક નાગરીકને ફોન પે માંથી વાત કરુ છું, અને કેશબેક માટે કોલ કર્યો છે તેમ કહીને ફોન પે એપ્લીકેશન ચાલુ કરવા માટે જણાવ્યું હતું. નાગરીકે જેવી એપ્લીકેશન ઓન કરી તેની ગણતરીની મીનીટોમાં જ તેમના બેંક એકાઉન્ટમાંથી રૂ.૭૦ હજાર ટુકડે ટુકડે ઉપડી ગયા હતા. આ પ્રકારના બનાવ અંગે નાગરીકે બેંકમાં જાણ કરી છે, અને સાયબર પોલીસ મથકે ગુનો નોંધાવ્યો છે.

ગાંધીનગર શહેરના એક નાગરીકને ગત તા. ૨૨ ઓગસ્ટના રોજ સવારે ૯ વાગ્યાના અરસામાં તેમના મોબાઈલ પર કોલ આવ્યો હતો. જેમાં નાગરીકને કેશબેક હોવાથી ફોન પે એપ્લીકેશન ચાલુ કરવા માટે જણાવ્યું હતું. નાગરીકે ફોન પે એપ્લીકેશન ચાલુ કરતા જ તેમના એકાઉન્ટમાંથી ચાર હજારના પાંચ ટ્રાન્જેકશન, એક ૨૫ હજારનું, બે ટ્રાન્જેકશન ૧૦ હજારના તેમજ એક પાંચ હજારનું ટ્રાન્ઝેકશન થઈ ગયું હતું. જેથી નાગરીકે છેતરાયા હોવાનો અનુભવ થતા તેઓ ઘર નજીક આવેલા એટીએમ ખાતેથી એકાઉન્ટમાંથી રૂ.૨૫ હજાર ઉપાડી લીધા હતા અને કાર્ડ બ્લોક કરાવી દીધુ હતું. માત્ર ૧૫ થી ૨૦ મીનીટમાં જ શખ્સે રૂ.૭૦ હજાર ઉપાડી લીધા હતા. જેથી નાગરીકે બેંકમાં અને પોલીસ મથકે ગુનો નોંધાવી યોગ્ય કરવા રજુઆત કરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં અને જિલ્લામાં વધતા જતા કોરોનાના કહેરને પગલે ટાટા ફાઉન્ડેશન દ્વારા ફેસ શિલ્ડ ભેટ આપવામાં આવ્યા છે. જિલ્લા કલેક્ટરે ફાઉન્ડેશનની આ ભેટનો સ્વીકાર કર્યો હતો.
- ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોના આંકડાઓ અંગે આજે પણ સરકાર અને જિલ્લાતંત્રના આંકડાઓમાં વિસંગતતા જોવા મળી રહી છે. ગ્રામ્ય વિસ્તારમાં સરકારે ૨૧ કેસ બતાવ્યા છે જ્યારે જિલ્લાતંત્ર ૧૯ કેસ કહે છે.
- ગાંધીનગર મનપાના કેટલાક અધિકારીઓએ વર્ક ફ્રોમ હોમનો અભિગમ અપનાવ્યો છે.
- ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિમાં નવ નિયુક્ત ડે. મ્યુનિ. કમિશનર ડૉ. જિતેન્દ્ર અગ્રવાલે હાજરી આપી હતી. કમિશનર અને ડે. મ્યુનિ. કમિશનર કોરોનામાં સપડાયા હતા એટલે તેમને હાજરી આપી હતી.
- ગાંધીનગર શહેરમાં નાના-મોટા ખાડાઓમાં પાણી ભરાઈ રહેવાથી મચ્છરોની ઉત્પત્તિનો ભય નગરજનોને સતાવી રહ્યો છે.
- કોંગી કાઉન્સીલરો હિરલ જોશી અને રાકેશ પટેલે આજે તેમના વોર્ડના સેકટરોમાં આવેલ નવરાત્રિ ચોકની સફાઈ કરાવી હતી.

### રાજ્ય સરકારના માહિતી ખાતામાં ફરજ બજાવતા

# પુલક ત્રિવેદીને અધિક માહિતી નિયામક તરીકે બઢતી અપાઈ

ગાંધીનગર, તા. ૨૯
રાજ્ય સરકારના માહિતી ખાતામાં સંયુક્ત માહિતી નિયામક તરીકે ફરજ બજાવતા અધિકારી શ્રી પુલક ત્રિવેદીને અધિક માહિતી નિયામક પદે બઢતી આપી પ્રેસ અકાદમી, ગાંધીનગર ખાતે નિયુક્તિ આપવામાં આવી છે.



માહિતી ખાતા દ્વારા નિયમિત પખવાડિયે પ્રસિદ્ધ થતા ગુજરાત પાક્ષિકને એક ઉચ્ચ કક્ષાના મેગેઝિન સમકક્ષ બનાવી અત્યંત લોકપ્રિયતા અપાવવામાં જેમનો સિંહફાળો છે તેવા જિંદાદિલ-કુશળ અને શાર્પ ન્યુઝ સેન્સ ધરાવતા સંપાદક - અધિકારી પુલક ત્રિવેદીને અધિક માહિતી નિયામક પદે મળેલી બઢતીથી ચોક્કસપણે સરકાર દ્વારા તેમના કાર્યની કદર કરી તેમ કહી શકાય.

# આરટીઈની ઓનલાઈન ફોર્મ ભરવાની તારીખ લંબાવવા માટે એનએસયુઆઈ દ્વારા શિક્ષણમંત્રીને રજુઆત

ગાંધીનગર, તા.૨૯
શિક્ષણ વિભાગ દ્વારા આરટીઈની ઓનલાઈન પ્રક્રિયાની કામગીરી શરુ હતી. આરટીઈના ફોર્મ ભરવા માટે વાલીઓને ૧૦ દિવસનો ટુંકો ગાળો આપવામાં આવ્યો હતો.જ્યારે વિવિધ આધાર પુરાવામાં સમય જતા કેટલાક વાલીઓ ફોર્મ ભરવાથી વંચિત રહી ગયા છે. જેથી ગરીબ મધ્યમ વર્ગના નાગરીકોને આ યોજનાનો લાભ મળી રહે તે માટે આરટીઈના ઓનલાઈન ફોર્મ ભરવાની તારીખ લંબાવવા અંગે ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈએ શિક્ષણમંત્રીને લેખિત રજુઆત કરી છે.

શિક્ષણ વિભાગ દ્વારા આરટીઈના ઓનલાઈન ફોર્મ ભરવા માટે ફકત ૧૦ દિવસનો ટુંકા ગાળાનો સમય આપવામાં આવ્યો હતો. જે તા. ૧૯ થી ૨૯ ઓગસ્ટ સુધીનો હતો. જેમાં નોટરાઈટ્સ, અને રજીસ્ટર્ડ, પોલીસ વેરીફિકેશન ભાડા કરાર સહિતના આધાર-પુરાવાને પગલે ઘણા વાલીઓ અસમંજસમાં છે. જેને પગલે ઘણા વિદ્યાર્થીઓ-વાલીઓના ફોર્મ પણ નામંજુર થવાના કિસ્સા સામે આવ્યા છે. આ વખતે રાજયમાં આરટીઈની પ્રક્રિયા પહેલે થી જ ૮ માસ મોડી શરુ થયેલી છે. ત્યારે આ પ્રકારના નવા નિયમો ને કારણે વાલીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે.



લોકડાઉનના સમયગાળા દરમિયાન નાગરીકોના વેપાર-રોજગાર ઠપ થઈ ગયા છે. અનલોકમાં પણ હજુ સુધી વેપાર-ધંધા નિયમિત શરુ થયા નથી. રજીસ્ટર્ડ પોલીસ વેરીફિકેશન સાથેના ભાડા કરાર કરાવામાં વાલીઓને રૂ.૪૦૦૦ થી ૫૦૦૦ રૂપીયા જેટલો ખર્ચ થવા જાય છે. જેથી ગરીબ મધ્યમવર્ગના નાગરીકોનું માસિક બજેટ પણ સાથે સાથે ખોરવાતુ નજરે પડે છે.કેટલાક વિદ્યાર્થીઓના વાલીઓ વધારાના ખર્ચને પગલે ફોર્મ ભરી શક્યા નથી. ત્યારે ગત વર્ષની જ પ્રકિયા અમલી કરવામાં આવી જોઈએ. જેથી સરળતાથી વાલીઓ આ યોજનાનો લાભ લઈ શકે તે માટે શિક્ષણ વિભાગ દ્વારા આરટીઈની ઓનલાઈન ફોર્મ ભરવાની તારીખ લંબાવવામાં આવે તે માટે ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈ પ્રમુખ અમિત પારેખ અને ગુજરાત પ્રદેશ મહામંત્રી ગૌરાંગ મકવાણાએ શિક્ષણમંત્રીને લેખિત રજુઆત કરી છે.

## વૃંદાવન સ્ટીલવાળા દિનેશભાઈ વઘાસીયાનું દુ:ખદ નિધન

ગાંધીનગર, તા.૨૯
ગાંધીનગર શહેરના સેકટર-૨૮ જીઆઈડીસી વિસ્તાર આવેલ વૃંદાવન સ્ટીલવાળા ૪૭ વર્ષિય



દિનેશભાઈ નારણભાઈ વઘાસીયાનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મૃત્યુંનિપજ્યુંછે.

એક સપ્તાહ પહેલા વઘાસીયા પરિવારમાં ત્રણ ભાઈ અને તેમના ૮૪ વર્ષિય માતાને કોરોના પોઝીટીવ આવ્યો હતો. એક સપ્તાહની સારવાર બાદ બે ભાઈ અને તેમના ૮૪ વર્ષિય માતા કોરોનાને મ્હાત આપી સ્વસ્થ થઈને ઘરે પરત ફર્યા હતા. જ્યારે દિનેશભાઈને પણ સારવાર બાદ કોરોનાનો રિપોર્ટ નેગેટીવ આવ્યો હતો.

# રાયસણ ગામ પરિવારનો ૫૦૦ વૃક્ષ ઉછેરવાનો લક્ષ્યાંક

### વૃક્ષારોપણના કાર્યક્રમમાં મેયર અને સાંસદ ઉપસ્થિત રહ્યાં

ગાંધીનગર, ૨૯
ન્યૂ ગાંધીનગરના રાયસણ વિસ્તારને હરિયાળો બનાવવા માટે ૫૦૦ વૃક્ષના ઉછેરના લક્ષ્યાંક સાથે શનિવારે મેયર રીટાબેન પટેલ અને સંદ સભ્ય એચ. એસ. પટેલ સહિત મહાનુભાવોની ઉપસ્થિતમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન વિનાયક ડેવલપર્સ ગ્રુપ, ન્યૂ ગાંધીનગર વિકાસ મંડળ, એસપીજી ઓલ ઈન્ડિયાના ઉપક્રમે ગ્રામજનોના સહકારથી સ્વર્ણિમ સાંસક્તિક હોલ, રાયસણ ગામ ખાતે કરવામાં આવ્યું હતું.



મેયર રીટાબેન પટેલે કહ્યું હતું કે, પર્યાવરણની સુરક્ષા કરવા માટે જાગૃત્તિ કેળવવી પડશે અને દરેક નાગરિકે વૃક્ષ વાવવા અને ઉછેરવાની જવાબદારી લેવી પડશે. વધુમાં કહ્યું કે રાયસણ ગામ ગુજરાત રાજ્યનું પ્રથમ ગોકુળિયુ ગામ છે, હવે સૌથી હરિયાળા ગામની ઓળખ મેળવવા માટેની સામુહિક સંકલ્પ યાત્રાની શરૂઆત કરવામાં આવી છે, તે અભિનંદનને પાત્ર છે.

સાંસદશ્રી એચ એસ પટેલે કહ્યું હતું કે , રાયસણ ગામ સમગ્ર ગાંધીનગરને હરિયાળી જાળવવા માટે ઉદાહરણ સમાન કામગીરી કરી રહ્યું છે. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શંભુજી ઠાકોર, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, પૂર્વ મેયર પ્રવિણભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ શોભનાબેન વાઘેલા, મહાનગર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, ભાજપ આગેવાન અને બિલ્ડર કેતનભાઈ પટેલ, પ્રમુખભાઈ પટેલ, યોગેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમમાં કોરોના ની મહામારી ને ધ્યાનમાં લેતા સામાજીક અંતર અને માસ્ક પહેરવા સહિત સરકારની માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવ્યુ હતું.



## શહેરના સે-૧૭ લોકેશનની ૧૦૮ એમ્બ્યુલન્સને એવોર્ડ એનાયત

લોકડાઉન થી લઈને અત્યાર સુધી અવિરત સેવામાં રહીને ૨૪ કલાક કોરોના પોઝીટીવ દર્દીઓને ગાંધીનગર શહેરની કોઈપણ જગ્યાએથી લઈને હોસ્પિટલ સુધી પહોંચાડવાનું કામ ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓ કરી રહ્યા છે. સેકટર-૧૭ લોકેશનના પાઈલોટ રાજેન્દ્રસિંહ સોઢા, ચેતનકુમાર દેસાઈ, તેમજ ઈએમટી બળવંતભાઈ દરજી, રાકેશભાઈ ઠાકોરને ગાંધીનગર સિવિલ સુપ્રિટેન્ડન્ટ નિયતીબેન લાખાણી, આરએમઓ સુધાબેન અને ૧૦૮ ઈમરજન્સી મેનેજમેન્ટ એકઝિક્યુટીવ અક્ષય પંચાલ દ્વારા રીયલ કોરોના વોરીયરની ટ્રોફી આપીને તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે હાજર સૌ કોઈએ આ કર્મચારીઓને તાળીઓના ગળગળાટથી વધાવી લીધા હતા.

# દારૂના કેસનો આરોપી ૯ દિવસથી ઘરે ન આવતા પરિવારજનોની ફરિયાદ

ગાંધીનગર, તા.૨૯
ગાંધીનગર તાલુકાના રતનપુર ખોડીયારનગરમાં રહેતા સોમાજી શકરાજી ઠાકોર(ઉં.૪૫) સામે ૫ લીટર દેશી દારૂનો કેસ ડભોડા પોલીસ દ્વારા તા.૨૨ ઓગસ્ટના રોજ કર્યો હતો. ડભોડા પોલીસના ત્રણ કર્મચારી દ્વારા લઈ જવાયેલા આધેડ આઠ દિવસ છતા ઘરે આવ્યા ન હોવાનો પરિવારે આક્ષેપ કર્યો છે. આ બનાવ અંગે આધેડના ભત્રીજા કિશનજી બાબુજી ઠાકોર દ્વારા ડભોડા પોલીસ મથકે એક અરજી કરવામાં આવી છે. જેમાં ત્રણ પોલીસ જવાનો સામે આંગળી ચિંધાઈ છે.

અરજીકર્તાએ આક્ષેપ કર્યો છે કે ત્રણેય પોલીસ કર્મચારીઓ દ્વારા તેમના કાકીને ફોન કરીને છોડાવી જવા માટે રૂ.૧૫ હજારની માંગ કરાઈ હતી. ત્યારબાદ પરિવાર રાત્રે ૯ વાગે સુમારે ડભોડા પોલીસ મથકે પહોંચ્યો હતો, ત્યારે આધેડને છોડી મુક્યા હોવાનું જણાવ્યું હતું. જો કે આજે ૯ દિવસ બાદ પણ આધેડ ઘરે પરત ન ફરતા પરિવારજનો ચિંતિત છે. પરિવારજનોને લાગી રહ્યું છે ત્રણયે પોલીસ કર્મચારીઓના ત્રાસથી આધેડ ક્યાંક ચાલ્યા ગયા હોવાની શંકા સેવાઈ રહી છે. તો બીજીતરફ આધેડ સાથે કોઈ અનિચ્છનીય બનાવ બને તે પહેલા તેમને શોધી કાઢવા માટે પરિવારજનોએ માંગ કરી છે. સમગ્ર મુદ્દે આધેડના ભત્રીજાએ ડભોડા પોલીસ મથક સિવાય ઉચ્ચકક્ષાએ પણ લેખિતમાં રજુઆત કરી છે.



ગાંધીનગર શહેર વસાહત ની હોદ્દેદારો ની બેઠક સે ૫ જાહેર બગીચામા સંસ્થા ના પ્રમુખ કેશરીસિંહ બિહોલા ના અધ્યક્ષ સ્થાને મળી હતી. બેઠકમાં શહેરના પડતર પશ્નનો ની ચર્ચા કરવામાં આવી આ ઉપરાંત હાલમાં ચોમાસામાં ગટરલાઈનનુ આડેધડ ખોદાણ થઈ રહેલ વ્યવસ્થિત પુરાણ નહી થવાથી વસાહતીઓ ને અવરજવર ની ખૂબ તકલીફ પડે છે.આ સાથે વધુ લાઈટબીલ રખડતા ઢોરો કુતરા,સાફસફાઈ પાણી સેકટરમાં જંતુનાશક દવાઓ છાટવી વગેરેની ઉગ્ર ચર્ચા કરવામાં આવી. અંતમા તા ૩૦/૮/૨૦૨૦થી તા ૩/૯/૨૦૨૦સુધી દરેક સેકટરમાં લોકસંપર્ક કરી સમસ્યાઓ નિવારણ અંગે જનતા રૂડ આદોલન કરવા નુ સરવાનુમતે નક્કી કરવામાં આવ્યું આ ઉપરાંત તા૭/૯/૨૦૨૦ ના રોજ સંસ્થા ના હોદ્દેદારો જાહેર જનતા વસાહતીઓ સત્યાગ્રહ છાવણી સે - ૬ ખાતે ભેગા થઈ સુત્રોચાર ધરણાં કરી માનનીય મૂખ્યમંત્રી ,કલેકટર ,મહાનગર પાલિકા કમિશ્નર ને સેકટર ના પ્રશ્નો નુ આવેદનપત્ર આપી જનતા રેડ આદોલન શરૂઆત કરવી તેવી વાત કરવામાં આવી.

# છત્રાલ પાસેથી ચોરીના બાઈક સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૨૯
કલોલ વિસ્તારમાં આવેલા સીટીમોલના પાર્કિંગમાંથી એક વર્ષ અગાઉ સ્પ્લેન્ડર બાઈકની ચોરી થઈ હતી. એલસીબી પોલીસે વડાસ્વામી ગામથી છત્રાલ તરફ જતા માર્ગ પરથી એક શખ્સને ચોરીના બાઈક સાથે પકડી પાડી કલોલ શહેર પોલીસ મથકનો વાહનચોરીનો ભેદ ગાંધીનગર એલસીબીએ ઉકેલી નાંખ્યો છે.

મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.જી.એનુરકાર અને ટીમના સભ્યો કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા. તે સમયે પોલીસ કોન્સ્ટેબલ રાજવીરસિંહ અને વિજયસિંહને સંયુકત બાતમી મળી હતી કે વડાસ્વામી ગામથી છત્રાલ તરફ જતા માર્ગ પર એક શખ્સ ચોરીનું નંબર વિનાનું સ્પ્લેન્ડર બાઈક દોરીને લઈ જાય છે અને હાલ તે ગોગા ચોકડી પાસે છે. જેને પગલે પોલીસે તાત્કાલીક બાતમીવાળી જગ્યા પર જઈને નંબર વિનાના બાઈક સાથે સુભાષ જગદીશભાઈ યાદવ (ઉં.૩૫ રહે, વડાસ્વામી ગામ, એન.જી.નાયકની કંપનીમાં કલોલ, મુળ રહે. ચુરામલપુર, પોસ્ટ-ભુલનપુર જી.વારાણસી ઉતરપ્રદેશ) ને પકડી પાડ્યો હતો. આ યુવક પાસે બાઈકના આધાર પુરાવા માંગતા તે સંતોષકારક જવા આપી શક્યો નહી જેથી તેની ઝીણવટભરી પુછતાછ કરતા શખ્સે આજથી આશરે એક વર્ષ પહેલા સાંજના સમયે પોતે આ બાઈક સીટી મોલ-૧ ના પાર્કીંગમાંથી ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે પોકેટ કોપ સોફટવેરથી ચેક કરતા બાઈક ચોરી અંગે કલોલ શહેર પોલીસ મથકે ગુનો નોંધાયેલ છે. જેથી પોલીસે બાઈક કબ્જે કરી શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી કરી હાથ ધરી છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

# દહેગામમાં બે છોકરા નદીમાં ડૂબી જતાં મોત થયા

ગાંધીનગર, તા. ૨૯
ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના નાગજીના મુવાડા ગામે આજે બે યુવાનો નદીમાં ડુબી જતાં તેમના મોત નીપજ્યા હતા. મળતી વિગતો પ્રમાણે નાગજીના મુવાડા ગામે મેશ્વો નદીના કિનારે આજે બપોરના સુમારે ૫ યુવાનો ઘેટા-બકરા ચરાવવા ગયા હતા.

આ દરમ્યાન પાંચ છોકરામાંથી બે યુવાનો નદીમાં ન્હાવા જતાં ડુબી ગયા હતા. જેમના મૃતદેહો શોધી કાઢવામાં આવ્યા હતા અને પોષ્ટમોર્ટમ માટે લઈ જવામાં આવ્યાનું જાણવા મળેલ છે. બે છોકરાઓના મોત થતાં ગામમાં અને તાલુકામાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

# ચિલોડા ગામના મુખ્ય પ્રવેશદ્વારે ૩૦ વર્ષ જૂની જર્જરિત ઓવરહેડ ટાંકી તોડી પડાઈ

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામના ભાગોળે આવેલી ૩૦ વર્ષ જૂની બિન ઉપયોગી જોખમી જર્જરીત થઈ ગયેલ ૮૦ હજાર લિટર કેપેસીટી ધરાવતી ઊંચી ઓવરહેડ પાણીની ટાંકી સ્થાનિક ગ્રામ પંચાયત સત્તાવાહકો દ્વારા નિયમોનુસાર કાર્યવાહી મુજબ ૨ દિવસની ભારે મહેનતની જહેમત બાદ ક્રેન દ્વારા તોડવાની કામગીરી હાથ ધરી હતી. ત્યારે આ જર્જરીત ટાંકીની આસપાસ રહેણાંક વિસ્તાર, મોબાઈલ ટાવર, ૨ ટ્યુબવેલની ઓરડી, પાણીના કનેક્શનનું સેન્સન સિસ્ટમ વિસ્તરણ અધિકારીનું જર્જરીત બિન ઉપયોગી મકાન લાઈટની ટ્રાન્સમીશન (ડીપી) પ્રાથમિક શાળામાં જવાનો મુખ્ય રસ્તો, ગામનો એપ્રોચરોડ ધરાવતો વિસ્તાર હોવાથી જર્જરીત થયેલ ટાંકી ગમે ત્યારે ધરાશયી થવાના સંજોગોથી ભારે નુકસાન થવાના એંધાણોથી ગ્રામજનોએ ટાંકી દૂર કરવાની તીવ્ર માંગ કરી હતી.

**ટુંકી મુદતની જાહેર નિવિદા નંબર-૧/૨૦૨૦-૨૧, તા. ૨૮/૦૮/૨૦૨૦**
**નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, પંચાયત પેટા વિભાગ**
**જિલ્લા પંચાયત ગાંધીનગર**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ, જિલ્લા પંચાયત ગાંધીનગર-૩૮૨૦૧૭ ધ્વારા અત્રેની જિલ્લા પંચાયત કચેરીને ફાયર સેફ્ટી અંગેના પ્રમાણપત્ર લેવા સારૂ જિલ્લા પંચાયત બિલ્ડીંગમાં લગાડેલા ફાયર સેફ્ટીના સાધનો રીફીલીંગ કરવા બાબતના વેરા સહીતના ભાવો સમયમર્યાદામાં તા.- ૦૭/૦૯/૨૦૨૦ સુધી રૂબરૂમાં ભાવો બંધ કવરમાં મોકલવાના રહેશે. કામની વિગતવાર નોટીસ કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવે છે. આ નોટિસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે.

| અ.નં. | કામનો નં. | કામની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | જિલ્લા પંચાયત બિલ્ડીંગમાં લગાડેલા ફાયર સેફ્ટીના સાધનોના એ.બી.સી. ટાઈપ કુલ-૧૧ નંગ તથા ઓ.ટુ.ટાઈપ કુલ-૧૦ નંગ રીફીલીંગ કરવાનાં કામ |

નાયબ કાર્યપાલક ઈજનેર
પંચાયત પેટા વિભાગ, ગાંધીનગર

માહિતી/૭૬૯/૨૦-૨૧

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**ઈ-ટેન્ડર નિવિદા નં. ૦૯ સને ૨૦૨૦-૨૧.)**
**આઈ.ડી.નં : ૪૨૨૮૩૭**

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ સહયોગ સંકુલ, બી-વીંગ, પાંચમા માળે, પથિકાશ્રમની બાજુમાં, ગાંધીનગર દ્વારા ઇ-ટેન્ડરીંગ પધ્ધતીથી એક્શન પ્લાન ૨૦૨૦-૨૧ અંતર્ગત જી-૧ જુથ પાણી પુરવઠા યોજના અંતર્ગત ગાંધીનગર તાલુકાના પરાને જોડવાના તથા ‘‘મીસીંગ લીંક કાર્યક્રમ’’ હેઠળ ગામોને જોડતી પાઈપલાઈનના કામની અંદાજીત કિંમત રૂ. ૫,૬૪,૬૪,૯૬૫.૯૫ માટે યોગ્ય શ્રેણીમાં યોગ્ય પાત્રતા ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. ઠેકેદાર બીડ ડોક્યુમેન્ટના પાત્રતાના ધોરણો મુજબ ઉત્તિર્ણ થવાનું રહેશે. કામની વિગત માટે વેબસાઈટ http:/ gwssb.nprocure.com તથા www,gwssb.org તથા http:/ www.statenders.com ઉપર પ્રાપ્ય છે. ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ:- ૧૮/૦૯/૨૦૨૦ અને આ ટેન્ડરમાં ભવિષ્યમાં કરવાના થતા સુધારા ઓનલાઈન મુકવામાં આવશે. કોઈ પણ કારણ દર્શાવ્યા સિવાય એક કે બધા ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર જી.ડબલ્યું એસ.એસ. બોર્ડનો રહેશે. ફોન નં. (૦૭૯) ૨૩૨૬૧૮૭૦

માહિતી/૭૬૨/૨૦-૨૧

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**‘ગુજરાત સરકારનું સાહસ’**
**જાહેર નિવિદા નંબર-૩ સને ૨૦૨૦-૨૧**

અધિક્ષક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય વર્તુળ, પ્રથમ માળ જલ ભવન, નવા સર્કીટ હાઉસ પાસે, બાયપાસ રોડ, હિંમતનગર. મોબાઈલ નં. ૯૯૭૮૪૪૩૯૨૯ દ્વારા નીચેના કામ માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે.

| અનુ. | કામની વિગત | અંદાજિત કિંમત રૂ. લાખમાં | કોન્ટ્રાક્ટર માટેની પાત્રતા | ટેન્ડર આઈડી નં. | ભાવો ભરવાની છેલ્લી તા |
|---|---|---|---|---|---|
| ૧. | ખેડબ્રહ્માં ગ્રૂપ-૧ હેઠળ ૫ ગામોએ દરેક ગામ પાસે ૮.૦૦ મીટર વ્યાસ ઊંડા કુવાની કામગીરી, તા. ખેડબ્રહ્મા | ૯૪.૦૧ | ‘ડી’ ક્લાસ અને ઉપરના | ૪૨૨૬૫૫ | ૧૦-૯-૨૦ |
| ૨. | પોશીના ગ્રુપ-૧ હેઠળ ૫ ગામોએ દરેક ગામ પાસે ૮.૦૦ મીટર વ્યાસ અને ૨૦.૦૦ મીટર ઉંડા કુવાની કામગીરી તા. પોશીના | ૯૪.૦૧ | ‘ડી’ ક્લાસ અને ઉપરના | ૪૨૨૬૬૯ | ૧૦-૯-૨૦ |
| ૩. | પોશીના ગ્રુપ-૨ હેઠળ ૫ ગામોએ દરેક ગામ પાસે ૮.૦૦ મીટર વ્યાસ અને ૨૦.૦૦ મીટર ઉંડા કુવાની કામગીરી તા. પોશીના | ૯૪.૦૧ | ‘ડી’ ક્લાસ અને ઉપરના | ૪૨૨૬૭૭ | ૧૦-૯-૨૦ |
| ૪. | પોશીના ગ્રુપ-૩ હેઠળ ૫ ગામોએ દરેક ગામ પાસે ૮.૦૦ મીટર વ્યાસ અને ૨૦.૦૦ મીટર ઉંડા કુવાની કામગીરી તા. પોશીના | ૯૪.૦૧ | ‘ડી’ ક્લાસ અને ઉપરના | ૪૨૨૬૮૩ | ૧૦-૯-૨૦ |
| ૫. | પોશીના ગ્રુપ-૪ હેઠળ ૨ ગામોએ દરેક ગામ પાસે ૮.૦૦ મીટર વ્યાસ અને ૨૦.૦૦ મીટર ઊંડા બે કુવા અને ૨ ગામોએ દરેક ગામ પાસે ૬.૦૦ મી. વ્યાસ અને ૨૫.૦૦ મીટર ઉંડા ૩ કુવાની કામગીરી તા. પોશીના | ૮૦.૪૯ | ‘ડી’ ક્લાસ અને ઉપરના | ૪૨૨૬૯૬ | ૧૦-૯-૨૦ |
| ૬. | પોશીના ગ્રુપ-૫ હેઠળ ૫ ગામોએ દરેક ગામ પાસે ૮.૦૦ મીટર વ્યાસ અને ૨૦.૦૦ મીટર ઉંડા કુવાની કામગીરી તા. પોશીના | ૭૫.૨૧ | ‘ડી’ ક્લાસ અને ઉપરના | ૪૨૨૬૯૮ | ૧૦-૯-૨૦ |
| ૭. | વિજયનગર ગ્રુપ-૧ હેઠળ ૨ ગામોએ દરેક ગામ પાસે ૮.૦૦ મીટર વ્યાસ અને ૨૦.૦૦ મી. ઉંડા -૨ કુવા અને ૨ ગામોએ દરેક ગામ પાસે ૮.૦૦ મીટર વ્યાસ અને ૨૪.૦૦ મીટર ઉંડો - ૩ કુવાની કામગીરી કુવાની કામગીરી તા. વિજયનગર | ૧૦૩.૩૦ | ‘ડી’ ક્લાસ અને ઉપરના | ૪૨૨૭૦૩ | ૧૦-૯-૨૦ |
| ૪. | વિજયનગર ગ્રુપ-૨ હેઠળ ૨ ગામોએ દરેક ગામ પાસે ૮.૦૦ મીટર વ્યાસ અને ૨૦.૦૦ મી. ઉંડા -૨ કુવા અને ૨ ગામોએ દરેક ગામ પાસે ૮.૦૦ મીટર વ્યાસ અને ૨૪.૦૦ મીટર ઉંડો - ૨ કુવા અને હયાત કુવાની સુધારણાની કામગીરી તા. વિજયનગર, જિ. સાબરકાંઠા | ૮૪.૪૨ | ‘ડી’ ક્લાસ અને ઉપરના | ૪૨૨૭૦૬ | ૧૦-૯-૨૦ |

એક અથવા તમામ ટેન્ડરો કોઈ પણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધિત અધિકાર ગુજરાત પાણી પુરવઠા બોર્ડના સક્ષમ અધિકારીને રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી વેબ www.gwssb.nprocure.com તથા www.gwssb.gujarat.gov.in ઉપર મૂકવામાં આવેલ છે. ગ્રામ્ય પા. પ. યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં. ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો. હવે પછીનો કોઈપણ સુધારો હશે તે ફક્ત વેબસાઈટ પર જોવા મળશે.

**નામાનિ/હિંમત/૨૦૩/૨૦૨૦**